# અંતે સાબિર અલીનું સભ્યપદ રદ

નવીદિલ્હી, તા. ૨૯

લોકસભાની ચૂંટણી પહેલા ભારે વિવાદ અને અસંતોષ ભાજપના ફેલાયા બાદ તરત જ ભાજપે આજે શુક્રવારના દિવસે જ પક્ષમાં સામેલ થયેલા જેડીયુના ભૂતપૂર્વ નેતા સાબિર અલીની મેમ્બરશીપને રદ કરી દીધી હતી. અગાઉ સાબિર અલીએ પક્ષની અંદર અને આરએસએસમાં જોરદાર વાંધો ઉઠાવવામાં આવ્યા બાદ તેમના સમાવેશની પ્રક્રિયાને હાલ પુરતી રોકી દેવા અને સહમતી ઉભી કરવાની અપીલ કરી હતી. સાબિર અલીને ભાજપમાં સામેલ કરવામાં આવ્યા બાદથી ભારે હોબાળો મચેલો હતો. સાબિર અલીને લઈને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના સમર્થકો પણ નાખુશ દેખાઈ રહ્યા હતા. ભાજપના વરિષ્ઠ નેતા મુખ્તાર અબ્બાસ નકવીએ પણ બળવો કરીને આનો વિરોધ કર્યો હતો. આખરે ભાજપે આ વિવાદને શાંત કરીને સાબિર અલીની મેમ્બરશીપને રદ કરવાનો નિર્ણય કર્યો હતો. સાબિર અલીએ અગાઉ કહ્યું હતું કે, તેઓ ભાજપના જનરલ સેક્રેટરી ધર્મેન્દ્ર પ્રધાનને પત્ર લખી ચુક્યા છે અને મેમ્બરશીપને અટકાવી દેવા અપીલ કરી ચુક્યા છે. પક્ષમાં સામેલ કરવામાં આવ્યાના એક દિવસ બાદ જ તેમની મેમ્બરશીપને રદ કરવામાં આવી હતી. પક્ષના વરિષ્ઠ નેતા મુખ્તાર અબ્બાસ નકવી દ્વારા સાબિર અલી પર પ્રહાર કરવામાં આવ્યા હતા. આતંકવાદી યાસીન ભટકલ સાથે સાબિર અલીના સંબંધો હોવાના અહેવાલ પણ આવી ચુક્યા છે. ભાજપના અન્ય નેતાઓ બલબીર પુંજ સહિત વધુ નેતાઓ પણ નકવીના વાંધામાં જોડાઈ ગયા હતા. સંઘે પણ ટિકા કરી હતી. અલીના સમાવેશથી પક્ષમાં નારાજગી છે. પક્ષની



નેતાગીરીની સ્થિતિ પણ દુવિધાભરી બની ગઈ હતી. આરએસએસના પ્રવક્તા રામ માધવે કહ્યું હતું કે, પક્ષની નેતાગીરીને સાવધાની રાખવાની જરૂર છે. બીજી બાજુ ભાજપની અંદર પણ નારાજગી હતી. આખરે ભાજપે વિવાદને શાંત પાડી દીધો છે. ભાજપને બીજી વખત આ પ્રકારની સ્થિતિનો સામનો કરવો પડ્યો છે. અગાઉ શ્રી રામસેનાના વડા પ્રમોદ મુથાલીકને લઈને પણ આવી જ સ્થિતિ ઉભી થઈ હતી. મુથાલીકના સેનાના કાર્યકરો મેંગ્લોરમાં એક પબમાં મહિલાઓ ઉપર હુમલામાં સામેલ હતા. ભાજપમાં જોરદાર ખેંચતાણની સ્થિતિ સાબિરને લઈને ઉભી થઈ ગયા બાદ તમામ પાસાઓને ધ્યાનમાં લઈને આખરે ભાજપે મેમ્બરશીપ રદ કરી દીધી છે. જો કે વિખવાદ હજુ ચાલે તેવી શક્યતા છે. આરએસએસ અને ભાજપના અન્ય નેતાઓ ગઈકાલથી જ નાખુશ દેખાઈ રહ્યા હતા. ભાજપના વરિષ્ઠ નેતા મુખ્તાર અબ્બાસ નકવીએ સૌથી પહેલા અલીના સમાવેશ સામે જોરદાર વાંધો ઉઠાવ્યો હતો. સાબિર અલીએ અગાઉ ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે ખુબ જ વાંધાજનક વાતો કરી હતી. પરંતુ આજે મોદીની પ્રશંસા કરી રહ્યા છે. અગાઉ એવી પણ ચર્ચા હતી કે, સાબિર અલી મોદીને મળી શકે છે પરંતુ હવે આ અહેવાલને રદિયો મળ્યો છે. ભાજપે વધારે નુકસાન થાય તે પહેલા જ બાજી સુધારવાની હિલચાલ કરી છે. સાબિર અલીની મેમ્બરશીપને રદ કરી દીધી છે અને પોતાની હિન્દુવાદી પાર્ટી તરીકેની છાપને જાળવી રાખવાના પ્રયાસ કર્યા છે. લોકસભાની ચૂંટણીમાં સાબિર અલીની મેમ્બરશીપને લઈને નુકસાન થવાની વકી હતી.

## મોદીને મારી નાંખવાની ચિમકી આપનાર ઈમરાન મસૂદ જેલમાં

સહારનપુર,તા. ૨૯

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સામે ઉશ્કેરણીજનક ભાષણ આપવા અને તેમને મારી નાંખવાની ધમકી ઉચ્ચારનાર સહારનપુરમાંથી કોંગ્રેસના ઉમેદવાર ઈમરાન મસુદની આજે વહેલી સવારે ધરપકડ કરી લેવામાં આવી હતી. ધરપકડ કરવામાં આવ્યા બાદ મસુદને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા બાદ ઈમરાન મસૂદની ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. આજે વહેલી પરોઢે ધરપકડ બાદ ભારે ખળભળાટ મચી ગયો હતો. કોંગ્રેસને આના કારણે લોકસભાની ચૂંટણીમાં ગંભીર આક્ષેપોનો સામનો કરવો પડી રહ્યો છે. ઉશ્કેરણીજનક ભાષણમાં મસુદે ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીના ટુકડા ટુકડા કરવાની ધમકી આપી હતી. મસુદની ધરપકડ કરવામાં આવ્યા બાદ હવે આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર તીવ્ર બને તેવી શક્યતા છે. મસુદના નિવેદન બાદ ભારે ખળભળાટ મચી ગયો હતો. તેમના ઉશ્કેરણીજનક નિવેદનથી પાર્ટીની મુશ્કેલીઓ વધી ગઈ છે. કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર ઈમરાન મસૂદે ભાજપના



વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની હત્યા કરવાની ધમકી આપી હતી. તેમના ભાષણની એક વિડિયો સપાટી ઉપર આવી હતી. જેમાં મોદીને મારી મારીને જવાબ આપશે તેવી વાત કરવામાં આવી રહી હતી. સાથે સાથે તેમના ટુકડે ટુકડા કરી દેવામાં આવશે તેવી વાત પણ હતી. વિડિયોમાં ઈમરાન મસૂદ એમ કહેતા નજરે પડી રહ્યા છે કે, ઉત્તરપ્રદેશના મુસ્લિમો જો તેઓ ગુજરાતમાં જે રીતે તેમની સાથે વર્તન કરાયું હતું તેવું વર્તન કરાશે તો તેમના ટુકડે ટુકડા કરી દેશે. કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર સામે હવે મોદીને ધમકી આપવા બદલ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ ઉશ્કેરણીજનક ભાષણ ઉપર જિલ્લા વહીવટીતંત્રએ કોંગ્રેસને ઉમેદવાર સામે કેસ દાખલ કરી દીધો છે. ચૂંટણી પંચે પણ ઈમરાનના ભાષણની નકલ મંગાવી હતી. બીજી બાજુ ભાજપે કોંગ્રેસના ઉમેદવારની ઉમેદવારીને રદ કરવાની માંગ કરી છે. અલબત ઈમરાનને આ અંગે પૂછવામાં આવ્યું ત્યારે ઈમરાને કહ્યું હતું કે, તેઓ મર્યાદિત શબ્દોનો ઉપયોગ કરી શક્યા નથી. તેમને સાવધાની રાખવાની જરૂર હતી. ઈમરાન કોંગ્રેસના આ વિસ્તારના દિગ્ગજનેતા રશીદ મસૂદના ભત્રીજા છે. અગાઉ તેઓ સમાજવાદી પાર્ટીના ઉમેદવાર બની ગયા હતા પરંતુ મેડિકલ કૌભાંડમાં જેલ પહોંચી ગયા બાદ રશીદ મસૂદ સમાજવાદી પાર્ટીમાં જતા રહ્યા હતા અને ઈમરાનની ટિકિટ કાપી દીધી હતી અને પુત્ર સાહજાન મસૂદને ટિકિટ આપવામાં આવી હતી.

## વિમાન દુર્ઘટનામાં તપાસનો આદેશ કરાયો છે : એન્ટોની

થિરુવંતનપુરમ,તા. ૨૯

કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન એકે એન્ટોનીએ આજે કહ્યું હતું કે, ગ્વાલિયર એરબેઝ નજીક ઈન્ડિયન એરફોર્સના સી-૧૩૦જે સુપર હરક્યુલસ વિમાન દુર્ઘટનાના મામલામાં તપાસનો આદેશ આપી દેવામાં આવ્યો છે. પ્રધાને કહ્યું હતું કે, તેઓ કોઈપણ તારણ ઉપર વહેલીતકે પહોંચવા માંગતા નથી. સશસ્ત્ર દળોમાં થઈ રહેલા હાલના બનાવોને લઈને તેઓ કોઈ તારણ ઉપર પહોંચવા માંગતા નથી. જ્યારે પણ આવા કોઈ બનાવ બને છે ત્યારે તેમાં તપાસ કરવાની એક પ્રક્રિયા હોય છે. એક વખત તપાસ પરિપૂર્ણ થઈ ગયા બાદ કોઈ વાત કરી શકાશે. થિરુવંતનપુરમમાં મિડિયા સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, ભૂતકાળમાં પણ બનાવો બન્યા છે. તપાસ કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે, વિમાનમાં ઉપયોગ કરવામાં આવેલા સ્પેરપાર્ટ્સ ચીનમાં બન્યા હતા. એરફોર્સ અથવા નેવીમાં કોઈપણ પ્લેટફોર્મ અથવા તો સાધન મેળવવાની પ્રક્રિયામાં સરકારની ભૂમિકા નથી. પ્રવર્તમાન પ્રાપ્તિનીતિ ડિફેન્સવિંગમાં છે. વ્યવસ્થાના આધાર ઉપર આની ખરીદી કરવામાં આવે છે. કોઈપણ ખરીદી કરતા પહેલા ચકાસણીની પણ એક પ્રક્રિયા અમલમાં મુકવામાં આવેલી છે. કોઈપણ સંરક્ષણ ખરીદીમાં રાજકીય નિર્ણય હોતા નથી જેથી આક્ષેપ પાયાવગરના છે. તમામ પ્રાપ્તિ પ્રક્રિયામાંથી પસાર થયા બાદ ઈન્ડિયન એરફોર્સ દ્વારા વિમાનોની પસંદગી કરવામાં આવે છે. સંરક્ષણ ખરીદીમાં કૌભાંડોને રોકવામાં તેઓ શા માટે નિષ્ફળ ગયા તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, તપાસ કૌભાંડો સપાટી ઉપર આવ્યા બાદ જ હાથ ધરવામાં આવી હતી. જ્યારે આક્ષેપ કરવામાં આવ્યા ત્યારે જ તપાસ કરવામાં આવી છે. જ્યારે પણ આક્ષેપો કરાયા છે ત્યારે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. ભૂતકાળમાં યુપીએના ૧૦ વર્ષના શાસનમાં છ શક્તિશાળી કંપનીઓને બ્લેકલિસ્ટેડ કરી છે. આધુનિકીકરણની પ્રક્રિયા ચાલી રહી છે. બજેટને લઈને કોઈપણ તકલીફ નથી. છેલ્લા ૧૦ વર્ષમાં નેવી અને ઈન્ડિયન એરફોર્સમાં આધુનિકીકરણની પ્રક્રિયાને ખુબ ઝડપી બનાવવામાં આવી છે.

## છઠ્ઠા તબક્કાની ચૂંટણી માટે જાહેરનામુ જારી કરી દેવાયું

નવી દિલ્હી,તા. ૨૯

લોકસભાની ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે આજે જાહેરનામુ જારી કરવામાં આવ્યું હતું. છઠ્ઠા તબક્કાના ભાગરુપે ૧૨ રાજ્યોને આવરી લેતી લોકસભાની ૧૧૭ બેઠકો માટે મતદાન યોજાશે. ૨૪મી એપ્રિલના દિવસે આ રાજ્યોમાં મતદાન યોજાનાર છે. આમા અનેક રાજકીય મોટા માથાના ભાવિનો ફેંસલો થનાર છે જેમાં મુલાયમસિંહ યાદવ અને ભાજપના નેતા સુષ્મા સ્વરાજનો સમાવેશ થાય છે. તમિળનાડુની ૩૯ બેઠકો ઉપર પણ મતદાન થનાર છે. સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ મૈનપુરી માટે ચૂંટણી મેદાનમાં છે. અહીં ૧૨ ઉમેદવારો મેદાનમાં છે. યાદવ આઝમગઢમાંથી પણ ચૂંટણી લડી રહ્યા છે. મધ્યપ્રદેશની ૧૦ બેઠકો ઉપર ૨૪મી એપ્રિલના દિવસે મતદાન યોજાનાર છે. આ દિવસે સુષ્મા સ્વરાજની બેઠક વિદિશામાં પણ ચૂંટણી યોજાશે. ઝારખંડ ૪,




બિહાર અને છત્તીસગઢની ૭-૭, આસામ અને પશ્ચિમ બંગાળની ૬-૬, જમ્મુ કાશ્મીરમાં અનંતનાગ, મહારાષ્ટ્રમાં ૧૯, રાજસ્થાનમાં ૧૦ બેઠકો ઉપર પણ ૨૪મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે. ઝારખંડમાં સવારે સાત વાગે મતદાન શરૂ થશે અને ચાર વાગ્યા સુધી મતદાન ચાલશે. અન્ય રાજ્યોમાં મતદાનની શરૂઆત સાત વાગે થશે અને છ વાગ્યા સુધી ચાલશે. ચૂંટણી પંચે આ વખતે સાવચેતીના તમામ પગલા લીધા છે. ઉમેદવારી પત્ર દાખલ કરવાની છેલ્લી તારીખ પાંચમી એપ્રિલ રાખવામાં આવી છે જ્યારે ચકાસણીની તારીખ ૭મી એપ્રિલ રાખવામાં આવી છે. ૯મી એપ્રિલ સુધી ઉમેદવારી પાછી ખેંચી શકાશે. બીજી એપ્રિલના દિવસે નવ રાજ્યોને આવરી લેતી ૮૯ બેઠક માટે લોકસભાનું ચૂંટણીનું જાહેરનામું જારી થશે જ્યારે ૧૨મી એપ્રિલના દિવસે આઠમાં તબક્કાનું જાહેરનામુ જારી થશે. જ્યારે નવમાં અને અંતિમ તબક્કાની ચૂંટણી માટે જાહેરનામુ ૧૭મી એપ્રિલના દિવસે જારી કરાશે. અંતિમ તબક્કામાં ત્રણ રાજ્યોને આવરી લેતી ૪૧ બેઠકો ઉપર મતદાન યોજાશે. ચૂંટણી કાર્યક્રમ જાહેરાત થયા બાદથી જ આક્રમક પ્રચારમાં તમામ રાજકીય પક્ષો વ્યસ્ત બનેલા છે.

## વિદેશમાંથી સોનુ લાવનાર લોકો પર આઈટીની નજર

નવી દિલ્હી,તા. ૨૯

કસ્ટમ વિભાગ ડ્યુટીની ચુકવણી કરીને વિદેશમાંથી સોનુ ભારતમાં લાવનાર ભારતીય લોકોની નાણાંકીય વિગતો હવે આવકવેરા વિભાગને ઉપલબ્ધ કરાવશે. શંકાસ્પદ રીતે દેશમાં સોનુ લાવી રહેલા લોકો પર સકંજો મજબુત કરવાના હેતુસર આ પગલુ લેવામાં આવ્યું છે. હવે વિદેશમાંથી ગોલ્ડ લાવનાર વ્યક્તિ પર આઈટી વિભાગની બાજ નજર રહેશે. નિયમો મુજબ વિદેશમાં છ મહિના અથવા તો તેનાથી વધુ સમયથી રહેતી ભારતીય વ્યક્તિ ડ્યુટીની ચુકવણી કરીને પોતાની સાથે એક કિલો સોનુ લાવી શકે છે. આ સોના પર ૧૦ ટકા ડ્યુટી લાગુ થાય છે. સાથે સાથે તેની ચુકવણી એ જ કરેન્સીમાં કરવામાં આવે છે જ્યાં સોનાની ખરીદી કરવામાં આવતી હોય છે. આ ઉપરાંત જો કોઈ ભારતીય વિદેશમાં એક વર્ષ અથવા તો તેનાથી વધુ સમયથી રહે છે તો તે પુરૂષ ૫૦૦૦૦ રૂપિયા અને મહિલા એક લાખ રૂપિયા સુધીનુ સોનુ કોઈ પણ ડ્યુટીની ચુકવણી કર્યા વગર દેશમાં લાવી શકે છે. ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઈન્ટેલિજન્સના અધિકારીઓએ કહ્યું છે કે વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન ડ્યુટીની ચુકવણી કરીને કાયદાકીયરીતે ૩૦૦૦ કિલોગ્રામ સોનુ વિદેશમાંથી લાવવામાં આવ્યું છે. આ વિભાગ સ્મગલિંગ અને ડ્યુટીની ચોરીને રોકવા માટે કામ કરે છે. ડીઆરઆઈના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું છે કે કાયદાકીય રીતે એક કિલોગ્રામ સોનુ લાવવાના કેસ હાલમાં વધ્યા છે. આવી સ્થિતીમાં એવી શંકા રહે છે કે હવાલા ઓપરેટર એવા લોકોને કેટલીક રકમ આપીને આ નિયમોનો ખોટો લાભ લઈ રહ્યા છે. આવા લોકોના પેન કાર્ડની વિગતો આવકવેરા વિભાગના અધિકારીઓને આપવામાં આવી રહી છે. જેથી તેમની આવકના સાધન પર નજર રાખી શકાય છે.

## ભાજપ પ્રમુખ રાજનાથ દ્વારા પમીએ ઉમેદવારી

નવી દિલ્હી,તા. ૨૯

ભાજપ પ્રમુખ રાજનાથસિંહ પાંચમી એપ્રિલના દિવસે લખનૌ સંસદીય મતવિસ્તારમાંથી તેમની ઉમેદવારી નોંધાવશે. રાજનાથ સિંહે પોતે આ અંગેની માહિતી ાપી છે. લખનૌ મતવિસ્તારમાં એક કાર્યક્રમ દરમિયાન રાજનાથે આ મુજબની માહિતી આપી હતી. મહાનગરના કાર્યકરોથી ભરચક એક કાર્યક્રમમાં રાજનાથ સિંહે કહ્યું હતું કે આ ચૂંટણી રાજનાથસિંહની નથી બલ્કે તમામ કાર્યકરોની છે. ચૂંટણીમાં જીત કોઈ રાજકીય ઉમેદવારની નહી બલ્કે બુથ પર કામ કરનાર લોકોની હોય છે. દિવસમાં દેશના કોઈ ભાગમાં રહેશે તો પણ સાંજે લખનૌમાં પહોંચી જવાના તમામ પ્રયાસો કરીશુ. રાજનાથ સિંહે પોતાના મતવિસ્તારમાં પણ પ્રચારમાં લાગેલા છે.

**પશ્ચિમ બંગાળમાં મમતાનો જાદુ અકબંધ રહેશે**

## બિહાર-મહારાષ્ટ્રમાં NDA સપાટો બોલાવે તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૨૯

એક ટીવી ચેનલ માટે કરવામાં આવેલા નવા ઓપિનિયન પોલમાં દાવો કરવામાં આવ્યો છે કે બિહાર અને મહારષ્ટ્રમાં ભાજપના નેતૃત્વમાં એનડીએ શાનદાર દેખાવ કરશે. જો કે પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીના નેતૃત્વમાં તૃણમૂળ કોંગ્રેસ તેના પ્રભુત્વને જાળવી રાખવામાં સપળ રહેશે. નવા ઓપિનિયન પોલથી યુપીએ અને બિહારના મુખ્યપ્રધાન નિતીશ કુમાર ભારે હતાશષ દેખાઈ રહ્યા છે. એબીપી ન્યુજ ચેનલ માટે એસી નેલ્સન દ્વારા કરવામાં આવેલા પોલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભાજપ-શિવ સેના ગઠબંધન મહારાષ્ટ્રમાં ૪૮ પૈકી ૩૧ બેઠકો જીતી જસે. ભાજપને મહારાષ્ટ્રમાં ૧૯ અને શિવ સેનાને ૧૨ બેઠકો મળી શકે છે. યુપીએને ૧૩ બેઠકો મળી શકે છે. જે પૈકી કોંગ્રેસને આઠ બેઠકો મળી શકે છે. એનસીપીને પાંચ બેઠકો મળવાની વકી છે. ગયા મહિનામાં કરવામાં આવેલા પોલમાં અરવિન્દ કેજરીવાલની પાર્ટીને એક બેઠક રાજ્યમાં મળવાની વાત કરવામાં આવી હતી પરંતુ નવા પોલમાં એએપીને કોઈ બેઠક નહી મળવાની વાત કરવામાં આવી છે. જે કેજરીવાલ માટે ફટકા સમાન છે.મહારાષ્ટ્ર નવ નિર્માણ સેનાને એક બેઠક મળી શકે છે જ્યારે અન્યોને ત્રણ બેઠકો મળવાની વાત કરવામાં આવી છે. બિહારમાં ભાજપ-એલજેપી ગઠબંધનને ૪૦ પૈકી ૨૧ બેઠકો મળવાની આગાહી કરવામાં ાવી છે. જ્યારે કોંગ્રેસ-આરજેડી ગઠબંધનને ૧૨ બેઠકો મળી શકે છે. બિહારના મુખ્યપ્રધાન નિતીશ કુમારને માત્ર છ બેઠકો જ મળી શકે છે. બંગાળમાં ટીએમસીને ૨૮ બેઠકો મળી શકે છે. જ્યારે ડાબેરીઓને ૧૦, કોંગ્રેસને ત્રણ અને ભાજપને એક બેઠક મળી શકે છે. એએપીની મત હિસ્સેદારીમાં દિલ્હી બાદ હવે મહારાષ્ટ્રમાં પણ ઘટાડો થયો છે. અહીં જાન્યુઆરીમાં તેની મત હિસ્સેદારી નવ ટકા હતી જે હવે ઘટીને ચાર ટકા થઈ છે. માર્ચમાં તેની લોકપ્રિયતા વધારે ઘટીને છે. તેના માટે નિરાશાજનક અહેવાલ છે. કેજરીવાલ હાલમાં મુંબઈ સહિત અનેક જગ્યાએ પ્રચાર કરી ચુક્યા હોવા છતાં તેની લોકપ્રિયતા દેખાઈ રહી નથી.

## સમાચાર ઝલક

- દેશી આઇસ્ક્રીમમાં હવે વિદેશી ફ્રૂટનો ટેસ્ટ મળશે, મધર ડેરીના આઇસ્ક્રીમનો બજારમાં દબદબો.
- ભારત બન્યું 'પોલિયોમુક્ત રાષ્ટ્ર' વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને જાહેર કર્યું.
- સી.સી.આઇ.એ ગુગલને ૧ કરોડ દંડ કર્યો, દંડ ભરવાની તૈયારી દર્શાવી.
- બોટાદ યાર્ડનાં ૧૦૦ કરોડના ગોટાળામાં હાઇકોર્ટે તપાસના આદેશ કર્યા.
- વોશિંગ્ટન રાજયમાં કાદવિયા પૂરના પ્રકોપથી જાનમાલનું ભારે નુકશાન.
- સૂરતના સી.એ. પંકજ મહેશ્વરીએ ત્રણ દિવસની પુત્રીનો પાન કાર્ડ બનાવી રેકોર્ડ સર્જયો.
- કંપનીઓમાં મહિલા ડિરેકટરને સ્થાન આપવું ફરજિયાત કરાયું.
- તા.૧લી એપ્રિલથી થર્ડ પાર્ટી ઇન્સ્યોરન્સ મોંઘો થશે.
- એમ.બી.એ. બનવું મોંઘુ થશે, સ્કૂલોની ફી વધારવામાં આવશે.
- આધુનિક પૃથ્વી-૨ મિસાઇલનું ફરી પરીક્ષણ કરાયું.
- એપ્રિલમાં મોદી-સોનિયા-રાહુલ-મનમોહનસિંહ ગુજરાતમાં સભાઓ ગજવશે.
- મુંબઇમાં ચોર ૩ તોલાની ચેઇન ગળી જતાં પોલીસે ૩ ડઝન કેળા ખવડાવી ચેઇન બહાર કાઢવામાં સફળતા મેળવી.
- 'વોટ્સ-અપ'નો વધુ પડતો ઉપયોગથી અંગુઠા-કાંડામાં કાયમી દુઃખાવા સંભાવના રહે છે.
- ઉનાળાનો કોપ શરૂ, આગામી દિવસોમાં તાપમાન ૪૦ ડિગ્રી વટાવશે.
- બેંક ઓફ ઇન્ડિયાના કર્મચારીઓની હડતાલથી ક્લિયરીંગને અસર પડી.
- ગીરગઢમાં નવજાત બાળકીને દીપડા સાથે બાથ ભીડી બચાવતી માતા.
- ફિલ્મ ભૂતનાથની જાહેરાત મામલે અમિતાભ બચ્ચન સામે પુનાની સામાજિક સંસ્થાએ કેસ કર્યો.
- સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસનાં આરોપી રાજકુમાર પાંડિયનને જામીન મળ્યા.

### માતૃભાષા અને શિક્ષણ (પાના નં. ૪ નું ચાલુ)

● અંગ્રેજી વહેલું ભણાવવાથી કે અંગ્રેજી માધ્યમમાં ભણાવવાથી નહીં, અંગ્રેજી યોગ્ય ઉંમરે અને સારી રીતે ભણાવવાથી અંગ્રેજી સારૂં આવડશે. અંગ્રેજી ખૂબ નાની ઉંમરે, વહેલું ભણાવવાથી તો બાળકની સ્થિતિ **Neither - nor** (નહીં ઘરનો, નહીં ઘાટનો) જેવી થાય છે, પણ માતૃભાષાના મજબૂત આધાર પર સાત-આઠ વર્ષની ઉંમર પછી અંગ્રેજી એક વિષય તરીકે ભણાવવાથી **Either - or** (માતૃભાષા પણ આવડે અને અંગ્રેજી પણ!) જેવી થાય છે.

● આપણો વિરોધ અંગ્રેજી ભાષામાં નહીં, અંગ્રેજિયતનો છે. વટ પાડવા માટે અંગ્રેજી બોલવું, પોતાની ભાષાના જ ભાષક સાથે પણ અંગ્રેજીમાં વાત કરવી, વાતે વાતે અંગ્રેજી શબ્દોનો બિનજરૂરી ઉપયોગ કરવો... ભાષાની ભેળપુરી કરવી... આ બધાં 'અંગ્રેજિયત'નાં લક્ષણો છે.

અને... હવે, આ વિષયના સમાપનામાં મારે પ્રો. યશપાલ સમિતિનાં ઈ.સ. ૨૦૦૫માં તૈયાર થયેલા રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખાની વાત કરવી છે. આ સમિતિમાં અહેવાલમાં ખૂબ ભારપૂર્વક અને તર્કપૂર્વક 'માતૃભાષામાં જ પ્રાથમિક શિક્ષણ'ની વાત રજૂ કરવામાં આવી છે. એમાં શિક્ષણમાં અનેક પાસાની સાથે 'બાળકની અભિરૂચિ અને પ્રાથમિકતા'ને કેન્દ્રમાં રાખવામાં આવી છે. ખરડામાં કહેવામાં આવ્યું છે કે, "શિક્ષણનાં આરંભનાં વર્ષોમાં બાળકની અભિરૂચિઓ અને પ્રાથમિકતાઓના આધાર પર જ શિક્ષણનું માળખું ગોઠવવું જોઈએ."

રામાયણમાં સીતા માતાને જેમ સુવર્ણમૃગનો મોહ જાગ્યો હતો, જે મારિચ નામનો માયાવી રાક્ષસ હતો, તેની પાછળ મોહિત થવાથી 'રામાયણ' સર્જાઈ... 'અપરહણ' થતું તેમ માતૃભાષાને ભૂલી પરભાષાના મોહમાં તેની પાછળ દોડ્યા કરવાથી તો આપણી સંસ્કૃતિનું અને આપણી ઓળખનું 'અપહરણ' જ થઈ જશે.

અંગ્રેજી શીખીએ, પણ માતૃભાષા ન જ ભૂલીએ, આટલા મહત્ત્વના સંદેશ સાથે મારી વાત પુરી કરૂં છું.




શનિવારે જલંધર ખાતે યોજાયેલ એશિયાની સૌથી મોટી ઈલેક્ટ્રીક સોલાર વ્હીકલ કાર રેલીમાં જુદી જુદી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર-વ્હીકલ રેલીમાં કાર વ્હીકલ પર સોલાર પાવરની પ્લેટસ લગાડવામાં આવી હતી. જેનાથી વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી.

## ચેન્નાઈની કેપ્ટનશીપ છોડવા માટે મહેન્દ્ર ધોનીની તૈયારી

ચેન્નાઈ,તા. ૨૯

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની હાલમાં ભારે વિવાદમાં છે. હિતોના સંઘર્ષના હોદ્દાને લઈને વિવાદના ઘેરામાં આવેલા મહેન્દ્ર સિંહ ધોનીએ ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટનપદેથી રાજીનામુ આપી દેવાની ઓફર કરી છે. ચેન્નાઈ સુપર કિંગ્સની માલિકીના અધિકારો ધરાવનાર ઈન્ડિયા સીમેન્ટના ચેરમેન એન. શ્રીનિવાસને ધોનીની ઓફરને ફગાવી દીધી છે. ઢાકામાં ટી-૨૦ વર્લ્ડમાં ભારતીય ટીમનુ નેતૃત્વ કરી રહેલા ધોનીની હાલમાં ટિકા થઈ રહી છે. તેના પર પ્રશ્નો પણ ઉઠાવવામાં આવી રહ્યા છે. ધોની સ્પોટ ફિકસંગ અને સટ્ટામાં તેના નામને ખેંચવામાં આવતા હાલમાં ભારે નાખુશ થયેલો છે. ધોનીએ ઈન્ડિયા સીમેન્ટ અને ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટનપદેથી રાજીનામુ આપી દેવાની તૈયારી બતાવ્યા બાદ ભારે ચર્ચા જોવા મળી રહી ચે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે શુક્રવારે ધોનીએ શ્રીનિવાસન સાથે ફોન પર વાત કરી હતી અને આ વાતચીતમાં ધોનીએ અપીલ કરી હતી કે કંપનીના ઉપ પ્રમુખપદ અને ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન તરીકે તેના રાજીનામાને સ્વીકારી લેવામાં આવે તે જરૂરી છે. જો કે શ્રીનિવાસને ધોનીની ઓફરને ફગાવી દીધી હતી. બન્ને પક્ષો વચ્ચે જોરદાર ચર્ચા ચાલી રહી છે. ટુંક સમયમાં ધોની રાજીનામુ આપી પણ શકે છે.